ક્રમાંક/પીટીસી/પ્રવેશ/જ/૧૫/૨૨૦-૨૭૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧
ગાંધીનગર. તા.૦૬/૦૫/૨૦૧૫

પ્રતિ,
(૧) પ્રાચાર્યશ્રી/આચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
(૨) સરકારી/ગ્રાન્ટેડ/બિન સરકારી અધ્યાપન મંદિરો તમામ

વિષયઃ- ૨૦૧૫-૧૬ના વર્ષ માટે ઓનલાઇન પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ અરજી ફોર્મ સ્વીકારવાની કામગીરી અંગે.

ઉપરોકત વિષય પરત્વે સને ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષ માટે રાજય સરકારે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ માટેના અરજીપત્રક ઓનલાઇન સ્વીકારવાનો નિર્ણય કરેલ છે.અને ગત વર્ષે ઓનલાઇન એપ્લીકેશન આપના કેન્દ્ર દ્વારા સ્વીકારવામાં આવેલ છે. તે મુજબ અરજદારોએ પ્રથમ વર્ષ પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ માટેનુ અરજીપત્રક ઇન્ટરનેટ મારફતે ઓનલાઇન ભરવાનુ થાય છે. ટૂંક સમયમાં પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં આવેદનપત્રો સ્વીકારવા માટેની જાહેરાત વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. આ જાહેરાતમાં ઓનલાઇન એપ્લીકેશન ફોર્મ ભરવા સંબંધી જરૂરી સૂચનાઓ આપવામાં આવશે. અરજદાર ઇન્ટરનેટ અને પ્રિન્ટરની સુવિધા ઉપલબ્ધ હોય તેવા કોઇપણ સ્થળેથી ઓનલાઇન એપ્લીકેશન ફોર્મ ભરશે અને સબમીટ કરી આ આરજીપત્રકની હાર્ડકોપી મેળવશે. અરજદાર સબમીટ ( ભરેલા ) કરેલ અરજીપત્રકની હાર્ડ કોપી લઇ આપના સ્વીકાર કેન્દ્ર ખાતે આવે આપની સંસ્થા દ્વારા નીચે પ્રમાણે કામગીરી કરવાની રહેશે.

(૧) સ્વીકાર કેન્દ્ર તરીકે માન્ય કરેલ સંસ્થાને અરજદારનું ઓનલાઇન સબમીટ કરેલ અરજીપત્રક ફાઇનલ સબમીટ કરવા માટે આપની સંસ્થાને સ્વીકાર કેન્દ્રનો કોડ નંબર ( પાસવર્ડ) આપવામાં આવશે.
(૨) અરજદારે અરજીપત્રકની રજુ કરેલ હાર્ડ કોપીમાં અરજદારનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચીપકાવવો.
(૩) અરજીપત્રકમાં દર્શાવેલ જરૂરી પ્રમાણપત્રો/ ગુણપત્રકો અને આધારો સાથે ચકાસણી કરવી.
(૪) ઉપર (૩) મુજબ ચકાસણી કરતા અરજદારે અરજીપત્રકમાં ભરેલ વિગત અધુરી જણાય અથવા સુધારવાની થતી હોય તો ઓનલાઇન સબમીટ કરેલ અરજીપત્રકની લાગુ પડતી કોલમમાં રજુ કરેલ આધાર મુજબ સુધારો કરી અરજીપત્રક ફાઇનલ સબમીટ કરવાનું રહેશે.
(૫) અરજદારોના ઓરીજનલ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ માત્ર ધો.૧૦ અને ધો.૧૨ ના ગુણપત્રકની ઝેરોક્ષ નકલ મેળવી તેની પાછળ અરજીપત્રકનો નંબર ( ફોર્મ નંબર અને રીસીપ્ટ નંબર) લખી અરજીપત્રક સાથે સ્ટેપ્લર કરી અત્રે મોકલવાના રહેશે.
(૬) ઉપર ક્રમ (૧) થી (૫) ની કાર્યવાહી પૂર્ણ થયે અરજીપત્રકની હાર્ડકોપીમાં ફોર્મ સ્વીકાર્યા બદલની સહી કરવી અને અરજદાર પાસેથી ફોર્મ ફી રૂા.૨૫/- ( રૂપિયા પચીસ) મેળવી અને અરજીપત્રક ઓનલાઇન ફાઇનલ સબમીટ કરવું તેમજ ફોર્મ સ્વીકાર્યા બદલની પહોંચ અરજદારને આપવી.

(૭) પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ જાહેરાતમાં નિયત કરવામાં આવે તે તારીખ સુધી અરજદારના અરજીપત્રકો ઓનલાઇન સ્વીકારવાના રહેશે અરજદાર પાસેથી મેળવેલ તાજેતરના પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ ચીપકાવેલ અરજીપત્રકોની હાર્ડકોપીને ફોર્મ નંબરના ક્રમ મુજબ ગોઠવી ૧૦૦ના બંચ બનાવી પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ બિલ્ડીંગ, સેકટર-૧૯, ગાંધીનગર ખાતે રૂબરૂ લઇ આવવા અંગેની તારીખ હવે પછી જણાવવામાં આવશે. આ અરજીપત્રકો જમા કરાવવા માટે સ્વીકારવાની કામગીરીમાં રોકાયેલ જાણકાર સ્ટાફને આવવાનું રહેશે.

ભરેલ અરજીપત્રકો મોકલવા સંબંધી સુચનાઓઃ-

(૧) આપના કેન્દ્ર ધ્વારા ફાઇનલ સબમીટ કરેલ અરજીપત્રકો રૂબરૂ આપવા માટે સ્વીકારવાનીકામગીરીમાં રોકાયેલ જાણકાર બે કર્મચારી સહિત સેકટર-૧૯ ગાંધીનગર ખાતે જમા કરાવવા આવવાનું રહેશે.

(૨) ઓનલાઇન અરજીપત્રકો ૧૦૦-૧૦૦ ના બંચમાં ફોર્મ નંબરના ચઢતા ક્રમમાં ગોઠવી તેની એક યાદી મોકલવી

(૩) આપ રૂબરૂ આવો ત્યારે આપના કેન્દ્ર દ્રારા ફાઇનલ સબમીટ કરેલ અરજીપત્રકોનો ડેટા ઇન્ડેક્ષ-બી દ્રારા સ્થળ ઉપર આપવામાં આવશે જેમાં અરજીપત્રકોનું મેળવણું તથા તેમા રહેવા પામેલ ક્ષતિઓ દર્શાવેલ હશે. દા.ત. જન્મતારીખ, ગુણ, જાતિ વગેરેના લીસ્ટના આધારો

તેમજ અરજીપત્રકની હાર્ડકોપી સાથે ચકાસણીકરી સુચના મુજબ સુધારો આપવાનો રહેશે.

(૮) અરજદારોના ફાઇનલ સબમીટ કરેલ અરજીપત્રકોની સંખ્યા મુજબની ફી જમા કરાવવા અંગે સ્વીકાર કેન્દ્રોના કર્મચારીઓની તાલીમના દિવસે જરૂરી સુચનાઓ આપવામાં આવશે.

(૯) ઓનલાઇન પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ અરજીપત્રક સ્વીકારવાની કામગીરી જાહેરાતમાં દર્શાવેલ તારીખ સુધી ૧૧ થી ૪ કલાકમાં કરવાની રહેશે.

(૧૦) પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રથમ વર્ષ પ્રવેશના ઓનલાઇન એપ્લીકેશન ફોર્મ સ્વીકારવા તેમજ તેને આનુસંગિક કામગીરી માટે આપની સંસ્થાના કર્મચારીઓની વિગત આ સાથે સામેલ પત્રક અ-બ અને ક માં તા.૨૫/૫/૨૦૧૫ સુધીમાં મોકલી આપવી.

(૧૧) સ્વીકાર કેન્દ્રોની કામગીરીના અમલીકરણ મોનીટરીંગ અને સુપરવીઝન માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રીને જવાબદારી સોપવામાં આવે છે. તે મુજબ તેમના માર્ગદર્શન મુજબ કામગીરી કરવાની રહેશે. સ્વીકાર કેન્દ્રોને તાલીમબધ્ધ કરવા પત્રક અ-બ અને ક ની માહિતીની એક નકલ પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને સુપરવિઝન અર્થે મોકલી આપવી.

(૧૨) આ અંગેની તાલિમની મીટીગનો સમય અને તારીખ, સ્થળ હવે પછી જણાવવામાં આવશે.

બિડાણઃ- પત્રક અ-બ-ક

( આર.બી.રંભપરીયા )
નાયબ શિક્ષણ નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના જાણ માટેઃ-

૧. સચિવશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
૨. સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
૩. પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ સ્વીકાર કેન્દ્રોનું મોનીટરીગ કરવા સારૂ.
૪. જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, કોમ્પ્યુટર સેન્ટર, ઉધોગ ભવન, બ્લોક ન;૧૫, ગાધીનગર.

૫ અદિત માઇક્રોસીસ પ્રા.લિમીટેડ, અમદાવાદ, પ્રવેશના સાહિત્ય સમયસર વેબસાઇટ પર મુકવા સારૂ

## ઓનલાઇન પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા પ્રવેશ ૨૦૧૫ ફોર્મ સ્વીકાર કેન્દ્રના કર્મચારીઓની માહિતિ પત્રક અ-બ અને ક

અધ્યાપન મંદિરનું નામ.............................................................................પ્રવેશ કોડ ન;................

પુરૂ સરનામુ.................................................................................................................

સંસ્થાનો ફોન નંબર ............................ઇ-મેઇલ આઇડી......................................................

આચાર્યનું નામ................................................મો.નં. ...........................................................

ગત વર્ષ આપના કેન્દ્ર દ્વારા ફાઇનલ સબમીટ કરેલ ફોર્મની સંખ્યા.........

### પત્રક-અ કોમ્પ્યુટર જાણકાર કર્મચારીની વિગતો દર્શાવતું પત્રક

| | કર્મચારીનું નામ | પુરૂષ/ સ્ત્રી | સંસ્થામાં હોદ્દો | સંસ્થામાં દાખલ તારીખ | શૈક્ષણિક લાયકાત | મોબાઇલ નંબર | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| 3 | | | | | | | |

### પત્રક-બ વહીવટી જાણકાર કર્મચારીની વિગતો દર્શાવતું પત્રક

| ક્રમ | કર્મચારીનું નામ | પુરૂષ/ સ્ત્રી | સંસ્થામાં હોદ્દો | સંસ્થામાં દાખલ તારીખ | શૈક્ષણિક લાયકાત | મોબાઇલ નંબર | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| 3 | | | | | | | |

### પત્રક-ક સ્વીકાર કેન્દ્રમાં જરૂરી ઉપકરણોની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | કોમ્પ્યુટરની સંખ્યા | પ્રિન્ટરની સંખ્યા | ઇન્ટરનેટની સુવિધા (કંપની) | યુ.પી.એસ .ની સંખ્યા | LAn ની સુવિધા | વીજળીના વિકલ્પે જનરેટરની સુવિધા છે | ઓફીસીયલ ઇમેલ આઇ.ડી | વેબસાઇટ ની વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

સ્થળ:-

આચાર્યની સહી